# રાજકોટ મહાનગરપાલિકા

ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

# આજી ડેમ અને બેડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત કરતા મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા

## હાલ આજી ડેમની સપાટી ૨૮ ફૂટ છે

તારીખ: ૧૬-૦૯-૨૦૨૧










ભારે વરસાદ બાદ આજી ડેમમાં નવા નીર આવ્યા જે રાજકોટની જનતા માટે હર્ષ લાગણી કહેવાય. આજે તા. ૧૬-૦૯-૨૦૨૧ના રોજ મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરાએ અધિકારીઓ સાથે

આજી ડેમ અને બેડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત કરી હતી. હાલ આજી ડેમમાં ૨૮ ફૂટ પાણી ભરેલ છે.

કમિશનરશ્રીએ ડેમની ક્ષમતા, ઉપલબ્ધ જળ રાશી, તેમજ હવે આગામી સમયમાં ડેમ ઓવરફ્લો થાય એમ છે ત્યારે નીચાણવાળાં વિસ્તારોને એલર્ટ મોડ પર રાખવા વગેરે બાબતો અંગે ચર્ચા કરી હતી. કમિશનરશ્રીએ બેડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત કરી સમગ્ર પ્લાન્ટ કઈ રીતે કાર્ય કરે છે તેની વિગતો મેળવી હતી તેમજ તેમની ઉપસ્થિતિમાં પ્રાપ્ત થયેલ પાણી અને શુધ્ધ થયેલ પાણીની વિગતો મ્યુનિ. કમિશનરશ્રીએ મેળવી હતી.

વિઝિટ દરમ્યાન મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા સાથે પી.એ. (ટેક) ટુ કમિશનરશ્રી રસિક રૈયાણી, સિટી એન્જી. શ્રી એમ. આર. કામલીયા, સિટી એન્જી. વાય. કે. ગૌસ્વામી ઉપસ્થિત રહ્યા હતા.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા